રાજ્યના નબળા વર્ગના લોકોને નાના ધંધા/સ્વ રોજગાર માટે સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવાની જુદા-જુદા વિભાગોની યોજનાઓમાં એક સરખા વ્યવસાયોની સંખ્યા અને ટુલકીટની કિંમત નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક:- TAP/૧૦/૨૦૧૧/૪૫૦૦૦૭/ખ
તારીખ:૧૧/૦૯/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક TAP- ૧૦૨૦૧૦-૭૭૨૫૦૬-ખ, તા.૦૧/૦૧/૨૦૧૧

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક TAP - ૧૦૨૦૧૦-૭૭૨૫૦૬-ખ, તા. ૨૫/૦૮/૨૦૧૧

(૩) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિ., ગાંધીનગરનો તા. ૨૧/૦૮/૨૦૧૮ નો પત્ર નં. ગ્રીમકો/માકયો/૧૬૨૧/૨૦૧૮

(૪) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિ., ગાંધીનગરનો તા. ૨૪/૦૮/૨૦૧૮ નો પત્ર નં. ગ્રીમકો/માકયો/૧૬૩૩/૨૦૧૮

(૫) કમિશનર કુટીર અને ગ્રામોદ્યોગ,કચેરીના પત્ર ક્રમાંક: મકચ/૯૭૭/૨૦૧૮, તા.૨૪/૦૮/૨૦૧૮

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨)ના ઠરાવથી રાજ્યમાં નાના ધંધા સ્વ રોજગાર કરવા માટે નબળા વર્ગના લોકોને સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવાની જુદા-જુદા વિભાગોની યોજનાઓમાં એક સરખા વ્યવસાયો માટેની ટુલકીટના સાધનની સંખ્યા અને કિંમત નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) અને (૪)ના પત્રથી ગ્રીમકો કચેરીએ કમિશનરશ્રી કુટીર અને ગ્રામોદ્યોગ કચેરી, ગાંધીનગરને કરેલ દરખાસ્ત વંચાણે લીધેલ ક્રમાંક (૫) થી એક સરખા વ્યવસાયોની સંખ્યા તથા કીટની અંદાજિત રકમમાં વધારો કરવા બાબતે મળેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના ગરીબ અને નબળા વર્ગના લોકોને સ્વરોજગારી પૂરી પાડવાના હેતુથી કીટ/સાધન સહાય માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-"અ" માં નિર્દેશિત કરેલ કુલ ૨૮(અઠ્યાવિસ) વ્યવસાયો (ટ્રેડ) માટે તેની સામે જણાવેલ અંદાજિત કિંમત મુજબ કીટ/સાધન આપવાનું નીચેની શરતોને આધીન આથી ઠરાવવામાં આવે છે.

(૧) પરિશિષ્ઠ-"અ" માં નિર્દેશિત કરેલ કુલ ૨૮(અઠ્યાવિસ) વ્યવસાયો (ટ્રેડ) માટે હેઠળની ખરીદી સરકારશ્રીના વખતોવખતના ધારાધોરણો અનુસાર ગ્રીમકોએ ખરીદવાની રહેશે.

(૨) રૂ ની દિવેટ બનાવટ (ટ્રેડ નં. ૨૪) ટુલકીટ્સ ફક્ત સખી મંડળની બહેનોને આપવાની રહેશે. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ લાભાર્થીઓ પસંદ કરી યાદી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને પૂરી પાડવાની રહેશે.

(૩) પેપર કપ અને ડીશ બનાવટ (ટ્રેડ નં ૨૬) ટૂલકીટ્સ ફક્ત સખી મંડળને આપવાની રહેશે. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ લાભાર્થીઓ પસંદ કરી યાદી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને પૂરી પાડવાની રહેશે.

(૪) પ્રેશર કુકર (ટ્રેડનં. ૨૮) ટૂલકીટ્સનો લાભ ફક્ત ઉજ્જ્વલા ગેસ કનેક્શનનો લાભ મેળવેલ હોય તેવા લાભાર્થીઓને આપવાનો રહેશે. જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ લાભાર્થીઓ પસંદ કરીને યાદી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને પૂરી પાડવાની રહેશે.

(૫) રૂ ની દિવેટ બનાવટ (ટ્રેડનં. ૨૪), પેપર કપ અને ડીશ બનાવટ (ટ્રેડ નં ૨૬) અને રસોઈકામ માટે પ્રેશર કુકર (ટ્રેડનં. ૨૮) ટૂલકીટ્સ માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કોઇ લાભાર્થીની પસંદગી કરવાની રહેશે નહીં.

(૬) ટૂલકીટ્સની કિંમતમાં ફેરફારની જરૂરિયાત જણાય ત્યારે સંબંધિત વિભાગો દ્વારા મુખ્ય સચિવશ્રી મારફત સંયુક્ત દરખાસ્ત કરી રાજ્ય સરકારના આદેશો મેળવવાના રહેશે.

(૭) ટૂલકીટ વિતરણ માટે ગ્રીમકોના વહીવટી ખર્ચ માટે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન થયેલ રૂ.૧૧.૫૩/-કરોડ ખર્ચના ૬૦% રકમ સંલગ્ન વિભાગ દ્વારા તેમની ટૂલકીટની માંગણીના પ્રમાણને ધ્યાને રાખી એડવાન્સ પેટે ફાળવવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ચાલુ નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૧/૦૮/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણ: જોડાણ પરિશિષ્ટ "અ"

(એમ.એમ.ડાભી)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, કુટિર ઉદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, પંચાયત અને ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં -૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, બ્લોક નં -૧/૫, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, પંચાયત અને ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિકાસ વિભાગ, બ્લોક નં ૮/૩મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, બ્લોક નં ૧૪/૫, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,બ્લોક નં ૫/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ –નાણાં વિભાગ), ના અંગત સચિવશ્રી, બ્લોક નં -૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (કુટિર અને ગ્રામોધોગ) ના અંગત સચિવશ્રી,ઉધોગ અને ખાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ગ્રામ વિકાસ કચેરી, બ્લોક નં.૧૬/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં.૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, બ્લોક નં.૧૪/૬, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગ્રીમકો, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- સર્વે જનરલ મેનેજરશ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, (કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ મારફત)
- સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,(નિયામકશ્રી અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી મારફત)
- સિલેકટ ફાઇલ

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧/૦૯/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: TAP/૧૦/૨૦૧૧/૪૫૦૦૦૭/ખ નું જોડાણ:

## પરિશિષ્ટ -"અ"

૨૮ વ્યવસાય (ટ્રેડ) અને તેની ટૂલકીટની અંદાજિત રકમની વિગત

| અ.નં. | ટ્રેડના નામ | અંદાજિત કિંમત |
|---|---|---|
| ૧ | કડીયાકામ | ૧૪૫૦૦ |
| ૨ | સેન્ટીંગ કામ | ૭૦૦૦ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ | ૧૬૦૦૦ |
| ૪ | મોચીકામ | ૫૪૫૦ |
| ૫ | દરજીકામ | ૨૧૫૦૦ |
| ૬ | ભરતકામ | ૨૦૫૦૦ |
| ૭ | કુંભારી કામ | ૨૫૦૦૦ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી | ૧૩૮૦૦ |
| ૯ | પ્લમ્બર | ૧૨૩૦૦ |
| ૧૦ | બ્યુટી પાર્લર | ૧૧૮૦૦ |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાયંન્સીસ રીપેરીંગ | ૧૪૦૦૦ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ | ૧૫૦૦૦ |
| ૧૩ | સુથારીકામ | ૯૩૦૦ |
| ૧૪ | ધોબીકામ | ૧૨૫૦૦ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર | ૧૧૦૦૦ |
| ૧૬ | દુધ-દહી વેચનાર | ૧૦૭૦૦ |
| ૧૭ | માછલી વેચનાર | ૧૦૬૦૦ |
| ૧૮ | પાપડ બનાવટ | ૧૩૦૦૦ |
| ૧૯ | અથાણા બનાવટ | ૧૨૦૦૦ |
| ૨૦ | ગરમ, ઠંડા પીણા,અલ્પાહાર વેચાણ | ૧૫૦૦૦ |
| ૨૧ | પંચર કીટ | ૧૫૦૦૦ |
| ૨૨ | ફ્લોર મીલ | ૧૫૦૦૦ |
| ૨૩ | મસાલા મીલ | ૧૫૦૦૦ |
| ૨૪ | રૂ ની દીવેટ બનાવવી (સખીમંડળની બહેનો ) | ૨૦૦૦૦ |
| ૨૫ | મોબાઈલ રીપેરીંગ | ૮૬૦૦ |
| ૨૬ | પેપર કપ અને ડીશ બનાવટ (સખીમંડળ) | ૪૮૦૦૦ |
| ૨૭ | હેર કટીંગ (વાળંદ કામ) | ૧૪૦૦૦ |
| ૨૮ | રસોઇકામ માટે પ્રેશર કુકર<br>(ઉજ્જવલા ગેસ કનેકશનના લાભાર્થી) | ૩૦૦૦ |